રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬–૦૧–૨૦૧૮
ક્રમાંક: રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧ (૪૧)–નો.ર.નં.૪૦–૧૨૦૧૮–ક

## –: આદેશ :–

રાજયમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો પક્ષીય ધોરણે ઉમેદવાર ઊભા રાખી ચૂંટણી લડે તે માટે પક્ષોની નોંધણી કરવા આયોગે તા.૧૯–૧૧–૨૦૧૧ નો આદેશ કરેલ છે. આ આદેશના ફકરા–૪ માં નિર્દેશ કર્યા પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી આયોગને નોંધણી માટે અરજી મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧: | પક્ષનું નામ | : | **જનતા દળ (સેક્યુલર)** |
| ૨: | સરનામું | : | ૭,ગુર્જર રત્ન ટેનામેન્ટસ,રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ |
| ૩: | પક્ષના પ્રમુખનું નામ / સરનામું | : | શ્રી ગણપતભાઈ ઝીણાભાઈ શાહ, ૭,ગુર્જર રત્ન ટેનામેન્ટસ,રાધાસ્વામી રોડ, રાણીપ, અમદાવાદ |
| ૪: | અનામત રાખવા માંગણી કરેલ પ્રતીકની વિગત | : | **માથા ઉપર ડાંગર લઈ જતી ખેડૂત સ્ત્રી** |

ઉપર્યુક્ત અરજદાર પક્ષની અરજીના અનુસંધાને રાજકીય પક્ષ તરીકે નોંધણી માટે રજૂઆત કરનાર અરજદારની વિગતોની આયોગે ચકાસણી કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે રાજય ચૂંટણી આયોગ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે ઉક્ત અરજદારને નીચેની શરતોએ **જનતા દળ (સેક્યુલર)ને રાજય કક્ષાના માન્ય રાજકીય પક્ષ તરીકે** નોંધણી કરવા તથા **' માથા ઉપર ડાંગર લઈ જતી ખેડૂત સ્ત્રી '** પ્રતીક અનામત તરીકે રાખવા આથી આદેશ કરે છે.

" માથા ઉપર ડાંગર લઈ જતી ખેડૂત સ્ત્રી " પ્રતીકની આકૃતિ/ ચિહ્ન નીચે મુજબ રહેશે.



(૧) ભારતના બંધારણમાં સાચી શ્રધ્ધા ધરાવશે અને તેને વફાદાર રહેશે. સમાજવાદ, ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના સિધ્ધાંતો અને ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડીતતાનું સમર્થન કરશે.

(૨) પક્ષ, પક્ષના નોંધાયેલા સભ્યો અને પક્ષના ઉમેદવારો રાજય ચૂંટણી આયોગ ગુજરાતે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ ચૂંટણીઓ માટે વખતોવખત બહાર પાડેલ આદર્શ આચાર સંહિતાની તથા તેની તે સંદર્ભે જારી કરવામાં આવેલ આદેશો / સૂચનાઓની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરશે તેમજ તેનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૩) જાહેર જનતા અને ખાસ કરીને મતદારોના હિતોનું રક્ષણ કરવા મુક્ત, ન્યાયી, અને શાંતિપૂર્વક ચૂંટણીઓનું સંચાલન બળવત્તર બનાવવાનો હેતુથી રાજ્ય ચૂંટણી આયોગ તરફથી વખતોવખત આપવામાં આવતી સૂચનાઓ અને નિર્દેશોનો અમલ કરશે/પાલન કરશે.

(૪) પક્ષનું નામ, વડી કચેરીનું સરનામું, રાજ્ય કક્ષાની કચેરીનું સરનામું, પક્ષના રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાના હોદ્દેદારો / પદાધિકારીઓના નામ કે અન્ય કોઈ અગત્યની ભૌતિક બાબતોમાં ફેરફાર થયેથી કે અન્ય કોઈ બીજી મહત્વની બાબતના ફેરફારની વિના વિલંબે રાજ્ય ચૂંટણી આયોગને જાણ કરશે. પક્ષના નામમાં ફેરફાર કરવા રાજ્ય ચૂંટણી આયોગની પૂર્વમંજૂરી મેળવશે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના નિયુક્ત ચૂંટણી અધિકારીને પક્ષે ઊભા રાખેલ ઉમેદવારોના નામ મોકલવા પક્ષના અધિકૃત વ્યક્તિના નામ અને સહીના નમૂના મોકલશે.

(૬) પક્ષ તેના આવક – ખર્ચના સાચા હિસાબો નિભાવશે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓ સંબંધમાં પક્ષના સામાન્ય પ્રચાર માટે અને પક્ષે ઊભા રાખેલ ખાસ ઉમેદવારોના ચૂંટાવાની સંભાવના વધારવા ઉમેદવારદીઠ કરવામાં આવેલ ખર્ચના હિસાબો નિભાવશે.

(૭) નાણાંકીય વર્ષ પુરૂ થયા પછીના એક વર્ષની અંદર, પક્ષના ઓડીટ થયેલ હિસાબો અને સંબંધિત વર્ષમાં અમલમાં હોય તે કાયદા હેઠળ ફાઈલ કરેલ આવક વેરાના રીટર્નની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૮) પક્ષના સભ્ય સંખ્યા બળની આંકડાકીય માહિતી તથા સદસ્યોના સંવર્ગ હોય તો દરેક સંવર્ગની સંખ્યા તમામ સંવર્ગના કુલ સભ્યોનું સભ્ય સંખ્યાબળ ઓછામાં ઓછું હોવું ૧૦૦ હોવું જોઈશે. સદસ્યોના નામ, મતદાર યાદીમાં નોંધણી થયાની વિગત એટલે કે અદ્યતન મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી આપશે.

(૯) પક્ષ રાજ્યની કોઈપણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં કોઈપણ પદાધિકારી / હોદ્દા અથવા સદસ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હોય તો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનું નામ તથા તેમાં હોદ્દો ધરાવતા સભ્યો / પદાધિકારીની સંખ્યાની વિગતો મોકલશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ના ફકરા ક્રમાંક : ૫ માંની જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગ રાજકીય પક્ષની નોંધણી રદ કરી શકશે.

નોંધાયેલ પક્ષ તરીકે ઉપરોક્ત શરતો તથા રાજ્ય ચૂંટણી આયોગે સમયાંતરે જે સૂચનાઓ / આદેશો બહાર પાડે તેનો ચુસ્તપણે અમલ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય
સત્યમેવ જયતે
ગાંધીનગર.

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**જનતા દળ (સેક્યુલર)**
**૭,ગુર્જર રત્ન ટેનામેન્ટસ,રાધાસ્વામી રોડ,**
**રાણીપ, અમદાવાદ**

**નકલ જયભારત સાથ રવાના :–**
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી તમામ

- જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરશ્રી તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
- નિવાસી અધિક કલેક્ટરશ્રી / પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી તમામ(કલેક્ટરશ્રી મારફતે)
- નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ(જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે)

**નકલ સવિનય રવાનાઃ—**

- મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજય,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર

**નકલ રવાના :—**

- સર્વે ચૂંટણી અધિકારીઓ ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયત — મહાનગરપાલિકા / નગરપાલિકા (કલેક્ટરશ્રી મારફતે)
- વ્યવસ્થાપકશ્રી ,સરકારી મધ્યસ્થ પ્રેસ,ગાંધીનગર
  આ આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ૪—સી માં તાત્કાલિક પ્રસિદ્ધ કરી ગેઝેટની ૧૦ નકલો આ કાર્યાલયને તથા ૫—૫ નકલો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી તમામ તથા ૫—૫ નકલો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામને બારોબાર મોકલવા વિનંતી સહ
- રાજય ચૂંટણી આયોગના નોધાયેલા સર્વે રાજકીય પક્ષો
- સંયુકત કમિશ્નરશ્રી/સંયુકત સચિવશ્રી / રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ ચૂંટણી કમિશ્નર સર્વે / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તમામ, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- કાયદા અધિકારીશ્રી,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી તમામ ,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- કચેરી નોટીસ બોર્ડ ઉપર
- સિલેકટ ફાઈલે.